## વડોદરાના ૧૩ માં જયુડિશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની અદાલત સમક્ષ, મું. વડોદરા.

**ફોજદારી કેસ નં.૭૭૪૨૯/૨૦૨૬**

ફરિયાદી : **શ્રી સરકાર**

**વિરુધ્ધ**

આરોપી : **રેખાબેન રમેશભાઈ જાદવ**

### –:: આંક – ૦૧ લગત હુકમ ::–

(૧) ફરીયાદપક્ષે આરોપી વિરુધ્ધ જી.પી.એકટની કલમ–૧૧૦,૧૧૭ મુજબના ગુનાનું ચાર્જશીટ કરેલ છે.

(૨) આરોપી હાજર થઈ કબુલાત પુરસીસ રજુ કરી પોતે ગુનો કબુલ કરતા હોવાની હકીકત જણાવેલ છે અને વધુમાં જણાવેલ છે કે, પોતે ગરીબ વર્ગના છે અને કુટુંબની જવાબદારી તેના શીરે છે. કાયદા પ્રત્યે માન છે. અજાણતા હાલનો ગુનો થયેલ છે તેનો પસ્તાવો વ્યકત કરે છે અને ભવિષ્યમાં આવા પ્રકારનુ કોઇ ગુનાહીત કૃત્ય કરશે નહી તેવી ખાત્રી આપે છે. આરોરપીનુ નિવેદન લેતા તેની કબુલાત સ્વૈચ્છિક હોવાનું જણાય છે. કોઇએ તેને કોઇ લાલચ કે પ્રલોભન આપેલ નથી. ગુનાની સજાની જોગવાઇ બાબતે તેને માહીતગાર કરવામાં આવેલ છે તેમ છતાં પોતે સ્વૈચ્છિક કબુલાત કરતા હોઇ તેની કબુલાત રેકર્ડ કરવામાં આવે છે. આરોપીની રજુઆત, તેની સામાજીક અને આર્થિક સ્થિતી અને જે સંજોગોમાં ગુનો બનવા પામેલ છે તે તમામ હકીકત ધ્યાને લેતા આરોપીને ઓછામાં ઓછી સજા કરવા માટેનો યોગ્ય કેસ જણાય છે અને આ બાબતે નામદાર ગુજરાત વડી અદાલતનો **નટવર હરચંદ વિ. સ્ટેટ નો ચુકાદો કે જે જી.એલ.આર. ૨૦૦૫** માં પ્રકાશિત થયેલ છે તે ધ્યાને લેતાં આરોપીને આવા કિસ્સામાં ન્યુનતમ સજા કરતા પણ ઓછી સજા કરી શકાય તેમ હોય આરોપીની કબુલાત ધ્યાને લેતાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

### –: આખરી હુકમ :–

(૧) આ કામના આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૨૭૫ અન્વયે જી.પી.એકટની કલમ–૧૧૦,૧૧૭ મુજબના સજાને પાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવી આરોપીને **રૂા.૧૦૦/– (અંકે રૂપિયા એક સો પુરા)** નો દંડ કરવામાં આવે છે. જો

આરોપી દંડની રકમ ના ભરે તો દિન – ૦૫ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ યોજવામાં આવેલ નેશનલ લોક અદાલત/સ્પેશીયલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૧/૦૭/૨૦૨૬
સ્થળ. વડોદરા.

(પૂનમ સહદેવ પ્રસાદ સ્વામી)
**૧૩માં જ્યુડી. મેજી. ફર્સ્ટ કલાસ, વડોદરા.**
જજ કોડ – જીજે ૦૧૭૭૫

*પા.નં.*
*દંડ રૂા.*
*તા:૧૧/૦૭/૨૦૨૬*